અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ થતા કેસોમાં ફરીયાદીઓને તેમજ સાક્ષીઓને પ્રવાસ ભથ્થુ અને દૈનિક નિર્વાહ ભથ્થું મંજૂર કરવા બાબત. (બીસીકે-૫૭ નાગરિક સેલ)

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક ઉસલ-૨૦૯૯-૨૩૦-ઉ

તારીખ ૨૦-૧૦-૯૯

વંચાણે લીધો:- સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧-૨-૯૨ નો ઠરાવ ક્રમાંક ઉસલ-૩૯૯૦-૧૫૦(૨૬) ઉ.સેલ.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૨૧(૨)( ii ) અનુસાર અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓને, તેના અથવા તેણીના આશ્રિત અને સાક્ષીઓને મુસાફરી ભથ્થુ અને દૈનિક નિર્વાહ ભથ્થું આપવા અંગેના દરો અગાઉના સમાજ કલ્યાણ વિભાગના તા.૧-૨-૯૨ ના ઠરાવથી અમલમાં છે. તા. ૧-૨-૯૨ ના ઠરાવથી નિયત થયેલા દરો પ્રવર્તમાન મોંઘવારી/ ભાવવધારાની સરખામણીમાં ઘણા ઓછા હોવાથી તથા અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ( અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ ના નિયમ-૧૧ અન્વયે પણ આ ભથ્થાનાં દરો સુધારવાનું જરૂરી જણાતાં આ ભથ્થાના દરો વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ અને અનુ.જનજાતિ ઉપર બિન અનુસૂચિત-જાતિ અને બિન અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ દ્વારા થતા અત્યાચારના બનાવોમાં અત્યાચારનો ભોગ બનેલ અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઇસમોને, ફરીયાદીઓને, સાક્ષીઓને તેમજ પરીક્ષણ-તપાસની કાર્યવાહી માટે તેમજ કોર્ટ સમક્ષ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન જુબાની માટે હાજર રહેવા મળવાપાત્ર થતું પ્રવાસ ભથ્થુ તથા નિર્વાહ ભથ્થુ/ ભોજન ખર્ચ નીચે જણાવેલ સુધારેલ દરે આપવાનું આથી રાજ્ય સરકારે ઠરાવેલ છે.

| તા. ૧-૨-૯૨ ના ઠરાવથી જોગવાઈઓ | સુધારેલ જોગવાઈઓ |
|---|---|
| **(અ) પ્રવાસ ભથ્થું** | |
| ૧. એકજ તાલુકામાં પ્રવાસ માટે રૂ. ૧૦/દૈનિક<br>૨. એક તાલુકામાંથી તેજ જીલ્લાના બીજા તાલુકામાં પ્રવાસ માટે રૂ. ૧૫/- દૈનિક<br>૩. એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં પ્રવાસ માટે રૂ. ૨૦/-દૈનિક<br>૪. ઉપર ૧ થી ૩ ના બદલે ખરેખર રેલ્વે/બસ ભાડાનો થયેલ ખર્ચ વ્યાજબી દરે ચુકવી શકાશે. | અત્યાચારનો ભોગ બનેલ વ્યકિત(અથવા તેના/તેણીના આશ્રિત) ફરીયાદીઓ, સાક્ષીઓ અને પરિવારને પોલીસ તપાસનાં/ કોર્ટની સુનાવણીના સ્થળ સુધી જતા/ આવવાનું એકસપ્રેસ/મેલ/ઉતારૂ ટ્રેનનું બીજા વર્ગનું રેલ્વે ભાડું અથવા ખરેખર બસ ભાડું (લકઝરી બસ સિવાય) અથવા તેટલાંજ અંતરના બસ ભાડાથી વધુ નહી તેટલું ટેક્ષી ભાડું (જે.તે ગામ/શહેરમાં રહેતા ઈસમોને તે જ ગામ/શહેરમાં સ્થાનિક હાજર રહેવા કોઈપણ પ્રકારનું ભથ્થું ચુકવવાનું રહેશે નહિ. |
| **(બ) નિર્વાહ ભથ્થુ** | |
| દરેકને રૂ. ૧૫/- પ્રત્યેક દિવસ માટે હાજરી દીઠ,આ ઉપરાંત રાત્રી રોકાણ માટે કોઈ અલગ ચુકવણું કરવાનું રહેશે નહિ | દૈનિક ભથ્થુ અને ભોજનખર્ચ બન્ને મળીને રૂ.૧૦૦(એકે રૂપિયા એકસો પુરા) પ્રત્યેક દિવસ માટે ઉપરોકત દરેકવ્યકિત (રાત્રી રોકાણ માટે કોઈ અલગ ચુકવણું કરવાને રહેશે નહિ.) |

૩. આ પ્રવાસ ભથ્થુ, નિર્વાહ ભથ્થુ/ ભોજન ખર્ચ આ ઠરાવ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ નિયમોને આધિન રહેશે.

૪. આ યોજનાને ખર્ચ અંદાજ- પત્રના સદર [illegible] ૨૨૫ અનુ.જાતિ ,અનુ.જનજાતિ અને [illegible]

[illegible]

મેળવવાનું રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા.૪-૧૦-૯૯ ની તથા નાણાં વિભાગની તા. ૫-૧૦-૯૯ ની મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(વિ.એમ. પરમાર)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર( પત્ર ધ્વારા)
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર
સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર,
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જીલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશ્નરશ્રીઓ,
પોલીસ મહા નિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અસારવા, અમદાવાદ
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર યોગ્ય કાર્યવાહી અર્થે
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
તકેદારી અધિકારીશ્રી,રાજકોટ/વડોદરા/ અમદાવાદ,
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ( પંચાયત)
ધી એકાઉન્ટન્ટ જનરલ-૧( ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
ધી એકાઉન્ટન્ટ જનરલશ્રી( એ.એન્ડ ઈ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર,
નિવાસી હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અ.વિ) નાણાં વિભાગ

નાણાં વિભાગ/જ; શાખા, સચિવાલય,ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ડૉ.જીવરાજમહેતાભવન,ગાંધીનગર
(જરુરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સાથે)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તમામ શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

નં. અજાક/૭/૨/૯૯/
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
બ્લોક ૪/૨,ડૉ.જીવરાજમહેતાભવન
ગુજરાત રાજય, ગાંધીનગર
તારીખ ૨/૧૧/૯૯

પ્રતિ,

(૧) જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (સર્વે)
...............

(૨) તકેદારી અધિકારીશ્રી......... સર્વે)

(૩) સમાજ કલ્યાણ અધિકારી( પં)......... સર્વે

(૪) ........... શાખા,વડી કચેરી, ગાંધીનગર(સર્વે)

સરકારશ્રીના ઉપરોકત હુકમ અનુસાર જરુરી અમલ કરવા સારૂ

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ

ઉપસચિવશ્રી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય,ગાંધીનગર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૦-૧૦-૯૯ ના ઠરાવ ક્રમાંક બસલ- ૨૦૯૯-૨૩૦- છ સાથેનું પરિશિષ્ઠ:-

:- પ રિ શિ ષ્ઠ :-

(૧) આ યોજના હેઠળ અનુ.જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ હેઠળ થતા કેસોમાં ભોગ બનેલ વ્યક્તિ/વ્યક્તિઓ, ફરીયાદીઓ/ સાક્ષીઓને તેમજ પરિચરને ગુન્હાની પોલીસ તપાસની કાર્યવાહી માટે તેમજ કોર્ટની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જુબાની માટે ઉપસ્થિત રહેવા માટે કરવામાં આવતી મુસાફરી માટે પ્રવાસ ભથ્થુ અને નિભાવ ભથ્થું ભોજન ખર્ચ નિયત કરવામાં આવેલ દરે મળવાપાત્ર રહેશે.

(૨) દરેક સ્ત્રી સાક્ષી, અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિ અથવા તેણીનો આશ્રિત કે જે સ્ત્રી અથવા સગીર હોય/૬૦ વર્ષથી વધુ વયની વ્યક્તિ હોય/ ૪૦ % અથવા વધુ અપંગતા ધરાવતી વ્યક્તિ હોય તેણી/તેની પસંદગીના એક પરિચર( ) ને જોડે રાખી શકશે અને પરિચરને પણ સાક્ષી અથવા અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિને લાગુ પડતા પ્રવાસ ભથ્થુ, નિર્વાહ ભથ્થુ/ ભોજન ખર્ચ આપવાનું રહેશે.

(૩) અત્યાચારના કેસોમાં તપાસની કાર્યવાહી કરનાર પોલીસ અધિકારી તેમજ કોર્ટ સમક્ષની ન્યાયીક કાર્યવાહી હાથ ધરનાર ખાસ પબ્લીક પ્રોસીક્યુટર/ જિલ્લા સરકારી વકીલ તરફથી ભોગ બનેલ વ્યક્તિ/વ્યક્તિઓ, ફરીયાદીઓ, સાક્ષીઓ તેમજ પરિચરને તપાસ/ટ્રાયલની કાર્યવાહી દરમ્યાન ઉપસ્થિત રહેલ હોવા બાબતનું પ્રમાણપત્ર નિયત નમૂનામાં ત્રણ નકલમાં તૈયાર કરી ત્રણ પૈકીની એક નકલ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી( પંચાયત) ને મોકલવાનું રહેશે. આ પ્રમાણપત્રની બીજી નકલ ભોગ બનેલ વ્યક્તિ/ વ્યક્તિઓ, સાક્ષીઓ ફરીયાદીઓ તથા પરિચરને આપવાની રહેશે. અને ત્રીજી નકલ સ્થળ પ્રત તરીકે તેઓના રેકર્ડ ઉપર રાખવાની રહેશે.

3

પાછળ

(૪) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી( પંચાયત) ની કચેરીને આ પ્રમાણપત્રના આધારે મળવાપાત્ર થતા પ્રવાસ ભથ્થુ/ નિભાવ ભથ્થાની રકમ, અત્યાચારનો ભોગ બનેલ જે તે વ્યકિત/વ્યકિતઓ, ફરીયાદીઓ, સાક્ષીઓ, તેમજ પરિચરને તેમના જણાવેલ સરનામે સરકારી ખર્ચે મની ઓર્ડરથી અગર રુબરૂમાં રોકડેથી ચુકવવાની રહેશે.

(૫) પોલીસ તપાસ કરનાર પોલીસ અધિકારી, ખાસ પબ્લીક પ્રોસીકયુટર અને જિલ્લા સરકારી વકીલશ્રીએ આપવાના પ્રમાણપત્રનો નમુનો સામેલ છે.

(૬) અન્ય કોઇ કાયદા હેઠળ અથવા સાધનો દ્વારા ફરીયાદી અથવા સાક્ષીઓએ કે પરિચરને પ્રવાસ ભથ્થુ કે નિભાવ ભથ્થું મેળવેલ હોય તેમને આ યોજના હેઠળ કોઇ રકમ મળવાપાત્ર થશે નહિ.

(૭) સરકારી કર્મચારી, પંચાયત કર્મચારી, અર્ધસરકારી સંસ્થા કે સરકાર દ્વારા સહાય મેળવતા બોર્ડ/ નિગમ/ મંડળના કર્મચારી હોય તેવા ફરિયાદી અથવા સાક્ષીઓને કે પરિચરને આ યોજના હેઠળ પ્રવાસ ભથ્થું અથવા નિભાવ ભથ્થુ મળવાપાત્ર થશે નહિ.

## :- પ મા ણ પ ત્ર :-

આથી પ્રમાણિત કરવામાં આવેછે. કે..................પોલીસ સ્ટેશનમાં નોધાયેલ ગુનવ રજીસ્ટર નં...............ના ફરિયાદની તપાસ સંબધમાં શ્રી............................ રહેવાસી.........(ફરીયાદી/સાક્ષી/પરીચર) એ આજ રોજ તા.............ના કલાક..........અમારી સમક્ષ.............. સ્થળે ફરીયાદ પક્ષે ફરિયાદની તપાસના કામે હાજર રહેલ છે.

| | |
|---|---|
| ફરિયાદી/ફરીયાદ પક્ષના | તપાસ અધિકારી |
| સાક્ષી/પરીચરની સહી/અથવા | સહી નામ |
| અંગુઠાનું નિશાન | હોદ્દો:- |
| | તારીખ |

આ પ્રમાણપત્ર ગુનાની તપાસ વખતે તપાસણી અધિકારી દ્વારા ફરિયાદી અથવા ફરીયાદ પક્ષના સાહેદોને પોતાની સમક્ષ તપાસના કામે બોલાવવામાં આવે અને ફરીયાદી અથવા ફરીયાદ પક્ષના સાક્ષી પોતે હાજર રહે ત્યારે તેઓને અનુ.જાતિ કલ્યાણ ખાતાની યોજના હેઠળ તપાસના કામે હાજર રહેવા કરેલ પ્રવાસભથ્થા તથા નિભાવ ભથ્થુ/ભોજન ખર્ચ મેળવવા માટે આપવુ.

## પ્ર મા ણ પ ત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી.......................... રહેવાસી ..............ન્યાયાલય સમક્ષ ક્રિમિનલ કેસ..................ના કામે ફરીયાદી/ફરીયાદ પક્ષના સાક્ષી/પરિચર તરીકે તા.............ના રોજ હાજર રહેલછે. તેમને સંબધિત ન્યાયાલય તરફથી કોઈ ભાડુ/ભથ્થુ ચુકવવામાં આવેલ નથી.

| | |
|---|---|
| ફરીયાદી/ફરીયાદના પક્ષના | ખાસ પબ્લીક પ્રોસીક્યુટર/જીલ્લા સરકારી |
| સાક્ષીની સહી:- | વકીલની સહી અને હોદ્દો |
| | તારીખ :- |
| | સિક્કો:- |

આ પ્રમાણપત્ર અનુ.જાતિ/જનજાતિ ઉપર થતા અત્યાચારના ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીના કામ માટે નામદાર ન્યાયાલય સમક્ષ ફરીયાદી અથવા ફરીયાદી પક્ષના સાહેદને બોલાવવામાં આવે અને ફરીયાદી અથવા ફરીયાદ પક્ષના સાક્ષી પોતે હાજર રહે અને તેમને સંબધિત ન્યાયાલય તરફથી ભાડુ/ભથ્થુ ચુકવવામાં આવેલ ન હોય ત્યારે તેમને સામાજીક ન્યાય અને અધિકારીતા ખાતાની યોજના હેઠળ કેસની ઈન્સાફી કાર્યવાહી માટે હાજર રહેવા કરેલ પ્રવાસ પેટે પ્રવાસ ભથ્થા તથા નિભાવ ભથ્થું/ભોજન ખર્ચ મેળવવા માટે આપવું.